કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- msbsuratsmc@gmail.com
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત. - ૩૯૫૦૦૧

જા.નં. મકમ/૨૦૧૮/૭૨૪૩ તા.૧૧-૧-૨૦૧૮

ઇ-મેઇલ

પ્રતિ,
મુખ્યશિક્ષકશ્રી/આચાર્યશ્રી,
તમામ પ્રાથમિક શાળાઓ,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત

વિષય: તાસદીઠ માનદવેતનથી શિક્ષણ કાર્ય કરાવવા અંગેની સુચનાઓ.
સંદર્ભ : (૧)ગુ.સ.શ્રી,શિક્ષણ વિભાગનાં તા.૨૧-૧૨-૧૫ ના પત્ર (૨)ગુ.સ.શ્રી,શિ.વિ.નાં તા.૨-૧-૧૮ ના પત્ર અન્વયે
(૨)અત્રેની કચેરીના પત્રનં. ૩૭૧૨ તા.૧૩-૭-૨૦૧૭

જત લખવાનું કે, ઉપરોકત સદર્ભ પત્ર અને ઠરાવથી ન.પ્રા.શિ.સ.સુરત સંચાલિત અને અનુદાન લેતી પ્રા.શાળાઓમાં શિક્ષકોનાં આધારે શિક્ષણ કાર્યની વિપરિત અસર થાય નહીં તે ધ્યાને લઇ , ગુ.સ. દ્રારા પ્રવાસી શિક્ષકની યોજના દાખલ કરવામાં આવી છે. તે માટેની કાર્યપ્રણાલી અને માર્ગદર્શક સુચનાઓ મૂળ ઠરાવમાં દર્શાવવામાં આવેલ છે. જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

શિ.વિ.નાં તા.૨/૧/૧૮નાં ઠરાવ અનુસાર એક માસની મુદત આપેલ છે. જેની તારીખ ૨૨/૧૨/૧૭થી તા.૨૧/૧/૧૮ એમ એક માસ થશે. જેથી આ પત્રનો અમલ તા.૧૨/૧/૧૮થી કરવામાં આવે તો તા.૨૧/૧/૧૮ સુધી કુલ ફરજના દિવસો-૭ થાય છે. તો તમારી શાળામાં તા.૩૧/૮/૧૭ નાં મંજુર સેટ અપ આધારે ઘટ હોય તેવી શાળામાં પ્રવાસી શિક્ષકો પુરવા અંગેની મંજુરી આપવામાં આવે છે.

ઉપરોકત કચેરીનો પ્રવાસી શિક્ષક અંગેનો કરેલ સંદર્ભ પત્ર નં.૨ ની સૂચના નં.૩ થી ૧૨ નો અવશ્ય અમલ કરવાનો રહેશે.

.૧.તા.૩૧-૮-૧૭ નાં રોજ શાળાનાં મંજૂર કરેલ સેટઅપ મુજબ કામ કરતા શિક્ષકો બાદ કરતા ઘટની સંખ્યા અનુસાર પ્રવાસી શિક્ષકો પુરવાના રહેશે. તેના કરતા પ્રવાસીની સંખ્યા વધવી જોઇએ નહીં.

૨.આપની શાળામાં પ્રવાસી શિક્ષકોની ભરતી કરવા માટેની યાદી સંબંધી તા.૩૧/૮/૧૭ના રોજ સરકારશ્રી તરફથી મંજુર કરેલ સેટઅપ વેબસાઇટ ઉપર મુકવામા આવેલ છે. તે મુજબની કાર્યવાહી કરવા નોંધ લેશો.

ઇંચા.શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત

સવિનય નકલ રવાના ; મે. અધ્યક્ષશ્રી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,.સુરત
નકલ રવાના-તમામ નિરીક્ષકશ્રીઓ તરફ જાણ તથા અમલ માટે.